## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૩/૦૭/૨૦૨૨ થી તા. ૦૯/૦૭/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૧/૨૦૨૨ તા.૦૩/૦૭/૨૦૨૨ :-**

તા-૦૩/૦૭/૨૦૨૨ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમ ના સભ્ય નામે મહેમુદ વોરા નાઓએ પી.એસ.ઓ વનરાજસિહ બાબુસિહ નાઓ પાસે એક બાળક લાવી રજુ કરતા તેઓએ સદર બાળકનુ નમ ઠામ પુછતા પોતે પોતાનુ નામ યશકુમાર નોહરસિંગ જાતે વર્મા ઉ.વ. ૬, ધંધો-અભ્યસ બાલવાડીમાં રહે ગામ પલીદુર વોર્ડ નં ૧ તાદાંગરગઢ: જિ રાજનાદગાવ રાજ્ય છ્ત્તીસગઢ વાળો તેના માતાપિતા સાથે તેના વતન જવા સારૂ સુરત રેલ્વે સ્ટેશન આવેલ હતો અને પેસેંજરોની ભીડમા તેના માતાપિતાથી વિખુટો પડી ગયેલ હતો જેથી નાઇટ ડ્યુટી ના પો. કર્મચારીઓએ એનાઉન્સ મેન્ટ કરતા સદર બાળકના માતાપિતા સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના માતાપિતા ને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૩/૨૦૨૨ તા.૦૫/૦૭/૨૦૨૨ :-**

તા-૦૫/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમ ના સભ્ય નામે રંજનબેન સોલંકી નાઓને એક બાળક મળી આવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મારૂ નામ રઇસ સ/ઓ અહમદ જાતે ખાટીક ઉ.વ. ૧૭ ધંધો અભ્યાસ રહે ૯૭/૯૮ તિરૂપતિ નગર–બી, ઉન પાટીયા, સુરત વાળો જણાવે છે કે ગઇ કાલ હુ મારા મિત્ર સાથે ફોન ઉપર વાતચીત કરતો હતો ત્યારે મારો મિત્ર નામે આયુષ નાઓએ મને સીગરેટ પીવાની વતચીત કરતા હતા જે બાબતે મારા પિતાએ મારા મોબાઇલ માંથી રેકોર્ડીગ સાંભળી જતા રાત્રે મને આ બાબતે ઠપકો આપતા મને લાગી આવતા હુ સવારે ઘરે કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી મો.ફોન ઉપર જાણ કરતા તેના પિતા લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૭/૨૦૨૨ તા.૦૫/૦૭/૨૦૨૨ :-**

તા-૦૫/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે આઉટ ગેટ પાસે એક બાળકી સ્કુલ યુનીફોર્મમાં જોવા મળતા સદર બાળકીને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછપતા પોતે પોતાનુ નામ ખુશ્બુ ડો/ઓ મુનિલાલ જાતે શર્મા ઉ.વ. ૧૫ ધંધો અભ્યાસ રહે દહેજ માખણીયા ફળીયુ જી ભરૂચ વાળીએ જણાવેલ કે હુ આજરોજ સવાર ના ૦૫/૩૦ વાગ્યાના દહેજ થી ભરૂચ આવતી બસ માં ભરૂચ સ્કુલે જવા માટે આવેલ અને દહેજ થી એ.બી.સી ટાવર પાસે ઉતરેલ તેવખતે અલ્તાફ મળેલ અને તેને મને જણાવેલ કે હુ સુરત જાઉ છુ જેથી મે તેને જણાવેલ કે મારે પણ સુરત આવવુ છે પણ મારી સ્કુલ માં મારો મોબાઇલ નંબર સ્કુલ ગ્રુપમાં જોઇંટ કરીને હુ પાછી આવુ જેથી હુ સ્કુલે જઇને પાછી એ.બી.સી ટાવર પાસે આવેલ ત્યાથી અમો બન્ને ભરૂચ રેલ્વે સ્ટેશન આવેલ ત્યાથી સુરતની ટીકીટ લઇ ને અમો બન્ને સુરત આવેલ હતા અને સુરત રેલ્વે સ્ટેશનથી રીક્ષા માં બેસી અડાજણ ડી માર્ટ માં ગયેલ ત્યાથી અલ્તાફે મને જણાવેલ કે મારે મોલમાં ઇંટરવ્યુ માટે જવાનુ હોવાથી હુ જાવુ છુ તેમ કહીને અલ્તાફ જતો રહેલ અને હુ ડી માર્ટ માથી બે જોડી નવા કપડા લઇ સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના માતાપિતાનો મંપર્ક નંબર મેળવી સંપર્ક કરી જાણ કરતા તેની માતા તેને લેેવા માટે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબ્જો તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૩/૨૦૨૨ તા.૦૬/૦૭/૨૦૨૨ :-**

તા-૦૬/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર ચાઇલ્ડ લાઇન ટીમ ના સંભ્યો સાથે હાજર હતા તે વખતે એક એક બાળકી પ્લે નં ૦૧ ઉપર એકલી બેસેલ જોવામાં આવતા મનીષાબેન તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય રંજનબેન સોલંકી તથા અસ્મિતા મુનીયા નાઓ સાથે બાળકીની પુછપરછ કરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ...

...પુજા ડો/ઓ રામાનંદ જાતે રાઉત ઉ.વ. ૧૫, રહે ગામ ઘોસરાવો થાના ગીરીયાલ જી નાલંદા બિહાર વાળી જણાવે છે કે આજથી દોઢ મહિના પહેલા મારા માતાપિતાએ મારા લગ્ન જબરસ્તીથી અમારા સમાજના રીતરીવાજ મુજબ કરી આપેલ હતા મને મારો પતિ ગમતો ન હોય અને મારા માતાપિતા મને મારા સાસરે જવાનુ દબાણ કરતા હોય જેથી તા ૦૪/૦૭/૨૦૨૨ ના રોજ હુ દાનાપુર રેલ્વે સ્ટેશન થી ટ્રેન માં બેસી સુરત નીકળી આવેલ જણાવતા તેના વાલી-વારસો અંગે પુછતા તેને તેના બનેવી નામે બબલુ નાઓનો મો.ફોન નંબર આપતા સંપર્ક કરી જાણ કરતા તે બાળકીના માતા પિતાને લઇને સુરત આવવાનુ જણાવતા હોય જેથી સદર બાળકીને તેઓના વાલીવારસો ન આવે ત્યા સુધી તેની સાર સંભાળ માટે ચિલ્ડ્રન હોમ ફોર ગલ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામા આવેલ, બાદ સદર બાળકીના માતા પિતા તા ૦૮/૦૭/૨૦૨૨ના રોજ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબ્જો તેના માતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૫) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૩/૨૦૨૨ તા.૦૭/૦૭/૨૦૨૨</u> :-**

તા-૦૭/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉર હાજર હતા તે વખતે આર.પી.એફ સ્ટાફ ના વુ.કોન્સ મેરી રેડ્ડી નાઓને તાપ્તી-ગંગા એક્સ ટ્રેન માંથી એક સ્ત્રી મળી આવતા જેને મેમો સાથે સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર મહિલાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ કાજલકુમારી ડો/ઓ શિવબંસત જાતે સા ઉ.વ. ૧૯ ધંધો ઘરકામ રહે ગામ વેલોડી પોસ્ટ વેલોડી જિલ્લા કિમુર (ભભુવા) રાજ્ય બિહાર વાળી જણાવે છે કે અમારા ગામમા કામધંધો ન હોવાથી હુ મારા માતાપિતાને જણાવેલ કે હુ સુરત કામધંધો કરવા જાઉ તેમ પુછતા તેઓએ મને ના પાડતા તા ૦૬/૦૭/૨૦૨૨ ના રોજ હુ મારા વતનથી કોઇને પણ જાણ કર્યા વગર કામ ધંધો અર્થે વારાણસી રેલ્વે સ્ટેશન થી તાપ્તીગંગા એક્સ ટ્રેન માં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા તેના માતાપિતા વિશે પુછપરછ કરતા તેને તેના ભાઇ નામે ક્રિષ્ણાકુમાર નો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ લેવા આવવાનુ જણાવતા તેઓ સુરત ન આવે ત્યા સુધી સાર-સંભાળ માટે સખી વન સ્ટોપ સેંટર સીવીલ હોસ્પીટ્લ સુરત ખાતે મુકવામાં આવેલ. બાદ તા ૦૯/૦૭/૨૦૨૨ના રોજ સદર મહિલાને લેવા માટે તેના પિતા સુરત રે.પોસ્ટે. આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર સ્ત્રી નો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૬) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૪/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨</u> :-**

તા-૦૯/૦૭/૨૦૨૨ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે મહેમુદ વોરા નાઓએ સુરત રે.પો.સ્ટે.મા પી.એસ.ઓ વનરાજસિહ બાબુસિહ નાઓ પાસે એક બાળક લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ સદર બાળકનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ કરણ ઉમાશંકર જાતે શાહ ઉ. વ. ૧૩ ધંધો અભાસ રહે ગામ પરસીયા તા ખામપારથાણા જિ. દેવરીયા વાળો જણાવે છે કે તે તેના વતનથી કામધંધા અર્થે મુબંઇ આવેલ જ્યા મુબંઇ પોલીસે તેને પકડી ચિલ્દ્રન હોમમાં મુકવામાં આવેલ સદર બાળક ચિલ્ડ્રન હોમમાંથી નાસી જઇ બોરીવલી રેલ્વે સ્ટેશનથી ગોલ્ડ્રન ટેમ્પલ મેલ માં બેસેલ જયા ઓન ડ્યુટી ટીકીટ કંડકટર નાઓએ પુછપરછ કરતા તેને હકીકત જણાવતા સદર બાળકને ચાઇલ્ડ હેલ્પ ડેસ્ક સુરત ખાતે સોપતા સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેના વાલીવારસો અંગે પુછપરછ કરતા તેની પાસે ફોન નંબર મળી નહી આવતા સદર બાળકના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૭) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૯/૨૦૨૨ તા.૦૯/૦૭/૨૦૨૨</u> :-**

તા-૦૯/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક ઇસમ નામે ગણેશભાઇ હવાનભાઇ પરવડીયા ઉ. વ. ૪૭ ધંધો હિરાના કારખાનામાં રહે ૯૫ જીવનધારા રો હાઉસ કડોદરા સુરત મુળ ગામ ભુરખીયા તા લાઠી જી અમરોલી મો નં ૯૬૬૪૯૯૦૮૯૨ વાળાએ...

...જણાવેલ કે મારી દિકરી નામે સુર્ષ્ટી ડ/ઓ ગણેશભાઇ જાતે પરવાડીયા ઉ. વ. ૧૭ ધંધો ઘરકામ રહે ગામ ભુરખીયા તા લાઠી જી અમરોલી વાળી ગઇ તા ૦૭/૭/૨૦૨૨ ના રોજ બોટાદરેલ્વે સ્ટેશનથી સુરત આવવા સારૂ ભાવનગર બાંદ્રા એક્સ ટ્રેનમાં મુસાફરી કરતા આવતી હતી અને તા ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ વહેલી સવાર ના ક. ૦૩/૪૫ વાગે સુરત રેલ્વે સ્ટેશન ઉતરી તેની સાથે મુસાફરી કરતા પેસેન્જરના મો.ફોનથી ફોન મારા મોટા ભાઇ નામે મનજીભાઇ નાઓના મોબાઇલ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે તે સુરત ઉતરી ગયેલ છે અને તમે મને લેવા આવો તેમ જણાવતા મારા ભાઇએ જણાવેલ કે સુર્ષ્ટીને લઇ આવ તે સુરત આવી ગયેલ છે તેની સાથે મુસાફરી કરતા એક દાદાના મોબાઇલ નંબર ઉપરથી ફોન કરેલ જેથી હુ મારી દિકરીને લેવા આવતો હતો તે વખતે રસ્તામાં હતો અને મારા ફોન ઉપર ફોન આવેલ અને દાદાએ જણાવેલ કે તમારી દિકરી રીક્ષામાં બેસીને નિકળી ગયેલ છે તેમ જણાવતા હુ સુરત રેલ્વે સ્ટેશન આવેલ અને સદર ઇસમ સાથે વાતચીત કરી તેઓએ જણાવેલ કે તમારી દિકરી રીક્ષામાં બેસીને જતી રહેલ છે ત્યાર બાદ અમો અમારા સંગાસંબધી તથા મિત્ર વર્તુળમાં તપાસ કરતા દિકરી મળી આવેલ નહી ત્યાર બાદ સદર ઇસમ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન આવી સર્વ હકીકત જણાવતા સદર ટ્રેનના સી.સીટીવી ફુટેજ જોતા તેઓની દિકરી જે રીક્ષામાં બેસેલ તે રીક્ષા નો નંબર મેળવી સદર રીક્ષાવાળાનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે સદર છોકરી મારી રીક્ષામાં બેસીને મોટા વરાછા સુદામાં ચોક ઉતારેલ ત્યાર બાદ આજુબાજુની સોસાયટીમાં તપાસ કરતા જાણવા મળેલ કે આ છોકરીને અમોએ કાજલ વા/ઓ ઉમેશભાઇ જાતે ધામેલીયા ઉ. વ. ૩૩ ધંધો મજુરી રહે ૩૦૩ સાઇશ્રધ્ધા સોસાયટી સુદામાં ચોક મોટા વરાછા સુરત મો નં ૯૬૮૭૪૪૨૩૩૧ નાઓના ઘરે જોયેલ છે જેથી વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર તથા એલ.આર પ્રશાંતભાઇ તથા એલ.આર નિલેશભાઇ નાઓ સાથે જઇ તપાસ કરતા સદર બાળકી હાજર મળી આવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેના પિતાનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા